# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-05-2025** **MIDDAY: 1.50 TO 2.00**

**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) **ભારતીય સેનાનો પાકિસ્તાન અને પાકિસ્તાનના કબ્જા હેઠળનાં કાશ્મીરમાં હવાઈ હૂમલો.**

2) **'ઓપરેશન સિંદુર' હેઠળ પાકિસ્તાનનાં નવ આતંકવાદી ઠેકાણા નષ્ટ: 70થી વધુ ત્રાસવાદીઓનાં મોત.**

3) **જમ્મુ, કાશ્મીર, જોધપુર, અમૃતસર સહિતનાં વિમાન-મથકોની ફ્લાઇટ રદઃ ગુજરાતનાં રાજકોટ, ભુજ, જામનગર અને કંડલા વિમાનમથકેથી નાગરિક ઉડ્ડયન રદ.**

4) **આજે દેશભરનાં 244 જિલ્લાઓમાં નાગરિક સુરક્ષા મોક ડ્રીલ યોજાશે.**

5) **IPLમાં, આજે ચેન્નાઇ સુપર કિંગ્સ અને કોલકતા નાઇટ રાઇડર્સ વચ્ચે મુકાબલો.**

.....................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AIRSTRIKE FOR NOON-1

પહલગામમાં આતંકવાદી હૂમલાનાં 15 દિવસ બાદ ભારતીય સૈન્યએ ગઈ મધરાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાનનાં કબ્જા હેઠળનાં કાશ્મીર-POKમાં હવાઈ હૂમલા કરીને આતંકવાદીઓનાં નવ ઠેકાણા નષ્ટ કર્યા હતા. રાત્રે એક વાગીને પાંચ મિનિટથી એક વાગીને 30 મિનિટ સુધી ચાલેલા આ હૂમલામાં 70થી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે.

નવી દિલ્હીમાં આજે ઓપરેશન સિંદુર અંગે વિગતવાર માહિતી આપતા ભારતીય સેનાનાં કર્નલ સોફિયા કુરેશી અને ભારતીય વાયુસેનાનાં વિંગ કમાન્ડર વ્યોમિકા સિંઘે જણાવ્યું કે, પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોને ન્યાય આપવા ઓપરેશન સિંદુર હાથ ધરાયું હતું. કર્નલ સોફિયાએ હૂમલા અંગે વધુ માહિતી આપીઃ

<u>(BYTE COL. SOPHIA QUERESHI)</u>

કર્નલ સોફિયાએ કહ્યું કે ગત ત્રણ દાયકાથી પાકિસ્તાન તેનાં દેશમાં અને તેનાં કબ્જા હેઠળનાં કાશ્મીરમાં આતંકવાદી માળખાનું નિર્માણ કરી રહ્યું છે, જેમાં ભરતી, ઉપદેશ કેન્દ્રો, તાલીમ ક્ષેત્રો અને લોન્ચ પેડનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું કે, પાકિસ્તાનમાં લશ્કરી અને નાગરિક સ્થળોને નિશાન બનાવ્યા વિના આ ઓપરેશન પાર પાડ્યું હતું. તેમણે નાશ કરાયેલા ત્રાસવાદી સ્થળોની સૂપૂર્ણ વિગતો આપી હતી.

# AIRSTRIKE FOR NOON-2

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું કે પહલગામ આતંકવાદી હુમલાની તપાસમાં આતંકવાદીઓ સાથે પાકિસ્તાનના સંબંધોનો પર્દાફાશ થયો છે. આ અંગે શ્રી મિસરીએ વધુ માહિતી આપી.

## (BYTE VIKARAM MISRI TRF)

શ્રી મિસરીએ જણાવ્યું કે, 22મી એપ્રિલે પહલગામમાં લશ્કર-એ-તૈયબા અને પાકિસ્તાન સાથે સંકળાયેલા આતંકવાદીઓએ 25 ભારતીય નાગરિકો અને એક નેપાળી નાગરિકની હત્યા કરી હતી. આતંકવાદીઓ અને તેમનાં થાણા નષ્ટ કરવા આ કાર્યવાહી કરવામાં આવી.

## (BYTE VIKARAM MISRI TERRORISM)

દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદુરને પગલે ક્રોએશિયા, નોર્વે અને નેધરલેન્ડ્સની આગામી મુલાકાત મોકૂફ રાખી છે.

# DEFENCE MINISTRY QUOTE AND LOC FIRING

ભારતના હવાઈ હૂમલા અંગે સંરક્ષણ મંત્રાલયે જણાવ્યુ કે, આ પગલું કેન્દ્રીત, નિશ્ચિત અને સંયમિત હતું, જેમાં પાકિસ્તાની લશ્કરી મથકોને નિશાન બનાવવામાં આવ્યા નથી. લશ્કરે લક્ષ્યોની પસંદગી અને અમલીકરણની પદ્ધતિમાં નોંધપાત્ર સંયમ દર્શાવ્યો છે. રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત દોભાલે અમેરિકાના તેમના સમકક્ષ સાથે વાતચીત કરી હતી.

દરમિયાન, પાકિસ્તાને ફરી એક વાર સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કર્યું છે. જમ્મુ કાશ્મીરમાં નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કર્યો છે. ગોળીબારમાં ભારતનાં ત્રણ નિર્દોષ નાગરિકોનાં મૃત્યુ થયા છે. ભારતીય સેના ગોળીબારનો જડબાતોડ જવાબ આપી રહી છે.

# SHAH - OMAR ABDULLAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જમ્મુ અને કાશ્મીરના ઉપ-રાજ્યપાલ મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે ઓપરેશન સિંદૂર બાદની સલામતીની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. સૂત્રોએ જણાવ્યું કે, શ્રી શાહે સરહદી વિસ્તારોમાં રહેતા લોકો માટે તમામ સલામતીના પગલાં સુનિશ્ચિત કરવા સરહદ સુરક્ષા દળ-BSFના ડિરેક્ટર જનરલને સૂચના આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FLIGHTS CANCELLED - OPERATION SINDOOR

ઓપરેશન સિંદૂરને પગલે, દેશમાં અનેક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. એર ઇન્ડિયાએ જણાવ્યું છે કે જમ્મુ, શ્રીનગર, લેહ, જોધપુર, અમૃતસર, ભુજ, જામનગર, ચંદીગઢ અને રાજકોટ જતી અને આવતી તમામ ફ્લાઇટ્સ આ મહિનાની 10મી તારીખ સુધી રદ રહેશે. આ સમયગાળા દરમિયાન મુસાફરી માટે માન્ય ટિકિટ ધરાવતા ગ્રાહકોને રિશેડ્યુલિંગ ચાર્જ પર એક વખતની છૂટ અથવા રદ કરવા માટે સંપૂર્ણ રિફંડ અપાશે.

સુરક્ષાને ધ્યાને રાખી રાજકોટ, જામનગર, ભુજ અને કંડલા હવાઈ-મથકને સામાન્ય નાગરિકો માટે અચોક્કસ મુદત સુધી બંધ કરાયું છે.ઉડ્ડયન અધિકારીઓની સૂચના બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઇન્ડિગોએ શ્રીનગર, જમ્મુ, અમૃતસર, લેહ, ચંદીગઢ, ધર્મશાળા, બિકાનેર અને જોધપુર જતી ફ્લાઇટ્સ આજ માટે રદ કરી છે.

# MOCK DRILL

આજે દેશભરનાં 244 જિલ્લામાં નાગરિક સંરક્ષણ મોક ડ્રિલ યોજવામાં આવશે. નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષકના ડાયરેક્ટર જનરલ વિવેક શ્રીવાસ્તવે જણાવ્યું કે, સામાન્ય માણસોએ ગભરાવાની કોઈ જરૂર નથી. આકાશવાણી સાથેની વિશેષ મુલાકાતમાં શ્રી શ્રીવાસ્તવે જણાવ્યું કે, કોઈ પણ બાહ્ય પડકારને પહોંચી વળવા માટે આ કવાયત કરવામાં આવી રહી છે.

આ નાગરિક સંરક્ષણ કવાયતમાં જિલ્લા કન્ટ્રોલર, જિલ્લા સત્તાવાળાઓ, નાગરિક સંરક્ષણ વોર્ડ, સ્વયંસેવકો અને ગૃહરક્ષકો ઉપરાંત, એનસીસી, એનએસએસ ઉપરાંત શાળા કોલેજોનાં વિદ્યાર્થીઓ ભાગ લેશે.

# REACTIONS

દેશના તમામ રાજકીય પક્ષોએ ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ઓપરેશન સિંદૂર એ પહેલગામમાં દેશના નિર્દોષ ભાઈઓની ક્રૂર હત્યાનો ભારતનો જવાબ છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ સશસ્ત્ર દળોની પ્રશંસા કરી છે. વિદેશ મંત્રી ડૉ. જયશંકરે કહ્યું કે દુનિયાએ આતંકવાદને બિલકુલ સહન ન કરવો જોઈએ.

પહેલગામ આતંકવાદી હુમલામાં કર્ણાટકના શિવમોગાના મંજુનાથ રાવનું મોત થયું હતું. ભારતીય સેનાએ પાકિસ્તાની આતંકવાદી છાવણીઓ પર હુમલો કર્યા પછી, તેમની માતા સુમતીએ આકાશવાણીને જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગ્ય સમયે અને યોગ્ય રીતે જવાબ આપ્યો છે.

# PM SPACE SECTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતે સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગસાહસિકો અને પ્રતિભાશાળી યુવાનો માટે પોતાનું અવકાશ ક્ષેત્ર ખુલ્લું મૂકી દીધું છે. તેમણે આજે કહ્યું કે, ભારતમાં 250 થી વધુ અવકાશને સંલગ્ન સ્ટાર્ટઅપ્સ છે અને તે સેટેલાઇટ ટેકનોલોજી, પ્રોપલ્શન સિસ્ટમ્સ, ઇમેજિંગ અને અન્ય ક્ષેત્રોમાં અદ્યતન પ્રગતિ સાથે યોગદાન આપી રહ્યા છે.

ગ્લોબલ કોન્ફરન્સ ઓન સ્પેસ એક્સપ્લોરેશન માટેના તેમના વિડીયો સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે, દેશનું પ્રથમ માનવ અવકાશ ઉડ્ડયન મિશન, ગગનયાન, રાષ્ટ્રની વધતી જતી અવકાશી સંશોધનની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે.

પ્રધાનમંત્રીએ માહિતી આપતા કહ્યું કે આગામી અઠવાડિયામાં, એક ભારતીય અવકાશયાત્રી અંતરિક્ષમાં મુસાફરી કરશે. તેમણે કહ્યું કે, 2040 સુધીમાં, એક ભારતીયના પગલાં ચંદ્ર પર પડશે.

# IPL

IPL ક્રિકેટમાં, આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાનારી મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

ગઈકાલે રાત્રે વાનખેડે સ્ટેડિયમ ખાતે વરસાદથી પ્રભાવિત છેલ્લાં બોલની રોમાંચક મેચમાં ગુજરાત ટાઇટન્સે મુંબઈ ઈન્ડિયન્સ સામે DLS પદ્ધતિ દ્વારા ચાર વિકેટથી જીત મેળવી હતી. આ જીત સાથે ગુજરાત ટાઇટન્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે મુંબઇ ઇન્ડિયન્સ ચોથા સ્થાને આવી ગયું છે.

પહેલા બેટિંગ કરતા મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 155 રન બનાવ્યા, જેના જવાબમાં ગુજરાત ટાઇટન્સે વરસાદના બે વિક્ષેપ બાદ મેચના છેલ્લા બોલ પર 147 રનના સુધારેલા લક્ષ્યાંકનો પીછો કર્યો હતો. સુકાની શુબમન ગિલે 46 બોલમાં 43 રન બનાવતા તેમને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

# KARTARPUR CORRIDOR

પાકિસ્તાનમાં ગુરુદ્વારા દરબાર સાહિબની યાત્રા માટે ખોલવામાં આવેલા કરતારપુર કોરિડોરને બંધ કરવામાં આવી છે. સત્તાવાર સૂત્રોએ જલંધરના અમારા સંવાદદાતાને પુષ્ટિ કરી કે, કોરિડોરને આજ પૂરતી બંધ કરાયો છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

કરતારપુર કોરિડોર ભારત અને પાકિસ્તાન વચ્ચે વિઝા મુક્ત યાત્રા કરવા માટેનો માર્ગ છે. આ માર્ગ દ્વારા ભારતીય યાત્રીઓ પાકિસ્તાનમાં આવેલા ગુરુદ્વારાની મુલાકાતે જાય છે, જ્યાં શ્રી ગુરુ નાનક દેવજીએ તેમનાં જીવનનાં અંતિમ વર્ષો પસાર કર્યા હતા. વર્ષ 2019માં ગુરુ નાનકદેવજીની 550મી જન્મજયંતી પ્રસંગે આ કોરિડોર સ્થાપિત કરાયો હતો.

# ISREAL-AMERICA REACTION

ઇઝરાયેલે આતંકવાદ વિરુદ્ધ ભારતના ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી. ભારતમાં ઇઝરાયેલના રાજદૂત રુવેન અઝારે કહ્યું, ઇઝરાયેલ ભારતે કરેલી જવાબી કાર્યવાહીને ટેકો જાહેર કરે છે. સોશિયલ મીડિયા સંદેશમાં રાજદૂત અઝારે કહ્યું, આતંકવાદીઓએ હવે જાણી લેવું જોઈએ કે નિર્દોષો સામેના તેમના જઘન્ય કૃત્યોને છુપાવી શકાશે નહીં.

અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, લોકો જાણતા હતા કે કંઈક થવાનું છે. તેમણે આશા વ્યક્ત કરી કે બંને દેશો વચ્ચેનો તણાવ ટૂંક સમયમાં સમાપ્ત થશે.